# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 24-07-2025** **Evening : 7.10 to 7.20 PM**
**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભૂંડિયા** વાંચે છે.

---

1) તહેવારોમાં અંત્યોદય અને BPL પરિવારોને વધારાની ખાંડ અને ખાદ્ય તેલનું રાહત દરે વિતરણ કરવાનો સરકારનો નિર્ણય
2) કચ્છમાં 875 કરોડ રૂપિયાના નશાકારક પદાર્થનો નાશ કરતાં ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે ડ્રગ્સના દૂષણને કોઇપણ ભોગે નાથવામાં આવશે
3) બનાસકાંઠાનાં સરહદી વિસ્તાર માટે 358 કરોડથી વધુના વિકાસ કાર્યોનું મુખ્યમંત્રીએ લોકાર્પણ કર્યું.
4) ઘેલા સોમનાથમાં શિક્ષકોને ભોજન વ્યવસ્થા સોંપવાના જસદણના પ્રાંત અધિકારીનો પરિપત્ર રદ.
5) રાજ્યમાં છેલ્લા ચોવીસ કલાકમાં 91 તાલુકાઓમાં વરસાદ આવતીકાલે દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદનો વરતારો

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# BPL FESTIVE RATION

તહેવારોની સારી રીતે ઉજવણી કરી શકાય તે માટે આગામી વિવિધ તહેવારોમાં અંત્યોદય અને BPL પરિવારોને વધારાની ખાંડ અને ખાદ્ય તેલનું રાહત દરે વિતરણ કરાશે . આગામી ઓગસ્ટ માસના પ્રારંભથી જ રાજ્યમાં ૭૫ લાખથી વધુ રેશનકાર્ડ ધારકોને સસ્તા દરે અનાજ વિતરણ શરૂ કરાશે પ્રસ્તુત છે એક અહેવાલ

**(વોઇસ કાસ્ટ)**

(રાજયના અંત્યોદય અને બી.પી.એલ પરિવારો જન્માષ્ટમી , શીતળા સાતમ જેવા તહેવારો વધુ સારી રીતે ઉજવી શકે તેવા આશય સાથે રાહતદરે વધારાની ખાંડ અને ખાદ્ય તેલ વિતરણ કરવાનો સરકારે નિર્ણય કર્યો છે. ઓગસ્ટના પ્રારંભથી રેશનકાર્ડ ધારકોના ૩ કરોડ ૧૮ લાખથી વધુ સભ્યોને સસ્તા દરે અનાજ વિતરણ શરૂ કરાશે..

સરકાર દ્વારા નેશનલ ફૂડ સિક્યોરિટી એક્ટ- હેઠળ સમાવિષ્ટ કુટુંબો તથા Non N.F.S.A BPL કુટુંબોને ગુણવત્તાયુક્ત ખાદ્ય તેલ-ડબલ ફિલ્ટર્ડ સીંગતેલ બજાર ભાવથી ઘણી ઓછી કિંમતે અપાશે. આ ઉપરાંત બી.પી.એલ અને અંત્યોદય કુટુંબોને મળવાપાત્ર જથ્થા ઉપરાંત વધારાની ૧ કિ.ગ્રા. ખાંડ, રાહત દરે અપાશે

આ કાર્ડદીઠ ૧ કિલો ચણા , એક કિલો તુવેર દાળ અને મગનું રાહત દરે વિતરણ કરવામાં આવશે. આ ઉપરાંત કાર્ડદીઠ એક કિલો મીઠું પણ રાહત દરે અપાશે.

હર્ષલ પંડ્યા આકાશવાણી સમાચાર અમદાવાદ)

. . . . . . . . . . . .

# HARSH SANGVI

ગુજરાત પોલીસ સરહદ પારથી ઘુસાડવામાં આવતા ડ્રગ્સના દૂષણને નાથવા માટે કટિબદ્ધ હોવાનું ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું.. ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં કચ્છના લાકડીયા ખાતે રૂ. ૮૭૫ કરોડના ડ્રગ્સના જથ્થાનાં નાશ દરમિયાન હર્ષ સંઘવીએ કચ્છ પોલીસની કામગીરીને બિરદાવી હતી.

(બાઇટ- હર્ષ સંઘવી, ગૃહ રાજ્યમંત્રી)

ગૃહ રાજ્યમંત્રીની ઉપસ્થિતિમાં રાજ્યકક્ષાની અને ત્રણેય જિલ્લાની સ્થાનિક ડ્રગ્સ ડિસ્પોઝલ કમિટી દ્વારા કચ્છના ભચાઉ તાલુકાના લાકડિયા વિસ્તારમાં ડ્રગ્સના જંગી જથ્થાનો વૈજ્ઞાનિક પદ્ધતિથી નાશ કરાયો હતો.

આજના કચ્છના પ્રવાસ દરમિયાન શ્રી સંઘવીએ  શિણાય ખાતે૧૯ કરોડ રૂપિયાથી વધુના  પોલીસ પરિવાર અને નાગરિક સુરક્ષા-સુવિધાલક્ષી વિવિધ માળખાકીય કામોનું ખાતમૂહુર્ત અને લોકાર્પણ કર્યું હતું. ગૃહ રાજ્યમંત્રીએ કચ્છ પોલીસની ગેરકાયદેસર દબાણકર્તાઓ અને અસામાજિક તત્વો સામે નીડરતાથી કડક પગલાં લેવાની કામગીરીને પણ બિરદાવી હતી..

ગાંધીધામમાં પૂર્વ કચ્છ પોલીસ દ્વારા શરૂ કરાયેલી ગૌ શાળાની કામગીરીની પણ તેમણે પ્રસંશા કરી હતી. જ્યારે લોકદરબારમાં ઉપસ્થિત રહીને તેમણે લોક પ્રશ્નોનો ઉકેલ આપ્યો હતો.

. . . . . .

# CM BK

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું છે કે, સરકાર છેવાડાનાં માનવીના સર્વાંગી વિકાસ માટે કટિબદ્ધ છે.

બનાસકાંઠા જિલ્લાના સુઇગામ-નડાબેટ ખાતેથી  ૩૫૮ કરોડ રૂપિયાના આરોગ્ય શિક્ષણ સહિતના વિકાસ કાર્યોનો શુભારંભ કરતાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું હતું કે આવનારી પેઢીની ચિંતા કરીને "કેચ ધ રેઈન" અને "એક પેડ માઁ કે નામ" રાષ્ટ્ર વ્યાપી અભિયાન ચાલી રહ્યુ છે. ..પહેલું સુખ તે જાતે નર્યા  ' યોગથી લઈને આયુષ્યમાન સુધીની આરોગ્ય સેવા સરકારે આપી છે. દરેક જિલ્લામાં મેડિકલ કોલેજ સ્થાપવાનું પણ તેમણે જણાવ્યું હતું.

તેમના પ્રવાસ દરમિયાન  મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે બનાસકાંઠાના નડાબેટમાં સરહદના સંત્રીઓ  BSF  જવાનો સાથે સંવાદ કર્યો હતો જ્યાં તેમણે નડાબેટ BOPની મુલાકાત લઈને ઓપરેશન સિંદૂરની સફળતા માટે જવાનોને અભિનંદન પાઠવ્યા હતાં. રાજ્ય સરકારે નડાબેટ ખાતે શરૂ કરેલા સીમા દર્શનને પરિણામે BSFને નજીકથી જાણવાની લોકોને તક મળી છે અને લાખો પ્રવાસીઓ સીમા દર્શન અન્વયે બોર્ડર ટુરીઝમને વેગ આપે છે એમ પણ તેમણે ઉમેર્યું હતું.

. . . . . . .

# STATE LOGISTIC MASTER PLAN

ગુજરાતના ૮ શહેરો સહિત સમગ્ર રાજ્ય માટે તૈયાર થઇ રહેલો લોજિસ્ટિક્સ માસ્ટર પ્લાન પૂર્ણ થવા આવ્યો છે. આ માસ્ટર પ્લાન પરિપૂર્ણ થતાં ઉદ્યોગો માટે માલસામાનના પરિવહનની જરૂરિયાત ઓળખીને તેમાં સુધારો કરાશે તેવી ઉદ્યોગ મંત્રી બળવંતસિંહ રાજપૂતે આશા વ્યક્ત કરી છે.

ઉદ્યોગ મંત્રીની અધ્યક્ષતામાં ગુજરાત ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ બોર્ડ-GIDBની લોજિસ્ટિક્સ અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્લાનિંગ અંગે ગાંધીનગર ખાતે યોજાયેલી સમીક્ષા બેઠકમાં કેન્દ્ર સરકારની એજન્સીઓ દ્વારા અમલમાં મુકવામાં આવતા ૫૦૦ કરોડ રૂપિયાથી વધુના મૂલ્યના મહત્વપૂર્ણ માળખાગત પ્રોજેક્ટ્સ કે, તેમને લગતા મુદ્દાઓ અંગે કેન્દ્ર સરકાર દ્વારા પ્રોજેક્ટ મોનિટરિંગ ગ્રુપ મિકેનિઝમ હેઠળ સમીક્ષા કરવામાં આવતી હોય છે.

. . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.......

# RAJKOT TEACHER'S PANSURIYA

ભોજન સંચાલન માટે શિક્ષકોને જવાબદારી સોંપવાનો પરિપત્ર રદ કરવાનો શિક્ષણ રાજ્ય મંત્રીએ આદેશ આપ્યો છે. રાજકોટના ઘેલા સોમનાથ મંદિર ખાતે શ્રાવણ માસ દરમિયાન દર્શનાર્થે આવતા મહાનુભાવોના ભોજનની વ્યવસ્થા કરવાની જવાબદારી સોપતો પરિપત્ર જસદણના પ્રાંત અધિકારી દ્વારા કરવામાં આવ્યો હતો. આ પરિપત્રને શિક્ષણ રાજ્ય મંત્રીએ અયોગ્ય ઠરવીને તેને રદ કરી દીધો હતો.

(બાઇટ- પ્રફુલ પાનસેરિયા, શિક્ષણ રાજ્યમંત્રી)

. . . . .

# INCOME TAX DAY

રાજયપાલ આચાર્ય દેવવ્રતે દેશના આર્થિક વિકાસમાં આવક વેરા વિભાગના યોગદાનને બિરદાવતા અધિકારીઓને પારદર્શિકતા સાથે કામ કરી કરદાતાઓ પ્રત્યે સંવેદનશીલ રહેવા અનુરોધ કર્યો હતો. અમદાવાદમાં આવક વેરા વિભાગના 166 માં સ્થાપના દિવસની ઉજવણી પ્રસંગે સંબોધન કરતાં તેમણે આવક વેરા પ્રણાલી સરળ બનાવવા બદલ પણ વિભાગને અભિનંદન પાઠવ્યા હતા.

આ પ્રસંગે આવક વેરા વિભાગના અગ્ર મુખ્ય આવકવેરા કમિશનર સતિશ શર્માએ જણાવ્યું કે , દેશમાં છેલ્લા વર્ષોમાં આવક વેરા વિભાગની સેવાઓની ગુણવત્તાની સાથે સાથે કરદાતાઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે.

**(બાઇટ સતિશ શર્મા)**

આ કાર્યક્રમમાં, આવક વેરા વિભગમાં નોંધપાત્ર કામગીરી કરનાર અધિકારી કર્મચારીઓને સન્માનીત કરવામાં આવ્યા હતા.

. . . . . . .

# SOMNATH SECURITY

પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથમાં શ્રાવણ માસ નિમિત્તે દેશભરમાંથી હજારોની સંખ્યામાં શિવભક્તો દર્શન માટે આવતા હોય છે. ભાવિક ભક્તોને મંદિર તરફ આવવાના માર્ગમાં સમસ્યા ન નડે અને ભીડમાં કોઈ દર્શનાર્થીને સ્વાસ્થ્યની સમસ્યા સર્જાય તો આરોગ્યની ફર્સ્ટ એઈડ સારવાર મળી રહે તે માટે ડેસ્ક , સલામતી અને પૂછપરછ માટેનો ડેસ્ક , પ્રસાદ અને ભોજન સહિતની વ્યવસ્થાઓ નિહાળીને ઉપસ્થિત કર્મચારીઓને જરૂરી સૂચનાઓ આપી હતી.

આ દિવસો દરમિયાન મંદિર અને તેના આસપાસના પરિસર ખાતે સુરક્ષા અને સલામતી જળવાય તે માટે આજે જિલ્લા કલેકટર અને જિલ્લા પોલીસ વડાની આગેવાનીમાં વિવિધ વિભાગોના અધિકારીઓ અને કર્મચારીઓએ સ્થળ મુલાકાત લઈ તેની સમીક્ષા કરી હતી.

. . . . . . . .

# DWARKA BOAT

દેવભૂમિ દ્વારકાના સમુદ્ર વિસ્તારમાંથી મરીન ફોરેસ્ટ દ્વારા એક શંકાસ્પદ બોટ ઝડપી પાડવામાં આવી છે. ગેરકાયદેસર રીતે કેટલાક વ્યક્તિ ચાક અભ્યારણ્ય વિસ્તારમાં પ્રવેશ કરતા હતા મરીન ફોરેસ્ટ દ્વારા તેમને અટકાવવામાં આવ્યા હતા.

મરીન નેશનલ પાર્કના દ્વારકા રેન્જ સ્ટાફ દ્વારા અભયારણ્ય વિસ્તારમાં મંજૂરી વિના બોટ સાથે પ્રવેશ કરી મચ્છીમારી કરવાની ઘટનામાં આઠ ઈસમો સામે ગુનો નોંધીને કાયદેસર કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

. . . . . .

# SWAGAT ONLINE CM

લોકોને રંજાડતા-કનડગત કરતા અસામાજિક તત્વોને કડક હાથે ડામી દેવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જિલ્લા પોલીસ અને વહીવટી તંત્રને કડક કાર્યવાહી કરવાની સૂચનાઓ આપી છે.રાજ્ય સ્વાગત ઓનલાઈન જન ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં તેમણે નાગરિકોની રજૂઆતો સાંભળી હતી..

આજ રોજ યોજાયેલા રાજ્ય સ્વાગત કાર્યક્રમમાં ૧૦૮ જેટલી રજૂઆતો આવી હતી અને તેમાંથી મુખ્યમંત્રીએ ૧૧ રજૂઆતોને પ્રત્યક્ષ સાંભળી હતી અને ૯૭ રજૂઆતો સંબંધિત જિલ્લા તંત્ર અને સરકારનાવિભાગોને યોગ્ય કાર્યવાહી માટે મોકલવામાં આવી હતી

. . . . . . . . . . . . .

# WEATHER

રાજ્યમાં છેલ્લા 24 કલાકમાં 27 જિલ્લાના 91 તાલુકામાં વરસાદ નોંધાયો છે જેમાં સૌથી વધુ 2.13 ઇંચ વરસાદ વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકામાં વરસ્યો છે. આજે સાંજ સુધીમાં તાપી જિલ્લાના વ્યારામાં સૌથી વધુ 1 ઇંચ જેટલો વરસાદ જ્યારે અડધા ઇંચથી ઓછા વરસાદ જૂનાગઢનાં કેશોદમાં નોંધાયો છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર , હાલમાં ફરીથી ત્રણ વરસાદી સિસ્ટમ સક્રિય થવાના કારણે આવતીકાલથી 29 જુલાઈ સુધી રાજ્યમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. આવતીકાલે નર્મદા , તાપી, નવસારી, ડાંગ, વલસાડ, દમણ અને દાદરા નગરહવેલીમાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદને લઈને યલો એલર્ટ આપવામાં આવ્યું છે.

અમદાવાદમાં આજે સામાન્યથી મધ્યમ વરસાદની આગાહી છે. તો નવસારી જીલ્લામાં નવસારી શહેર સહિત જલાલપોર , ગણદેવી, ચીખલી, વાંસદા અને ખેરગામમાં હળવો વરસાદ થયાના અહેવાલ છે.

. . . . . . . .

# VADODARA MEDAL

વડોદરા જિલ્લાના ખેલાડી વંશીલ પટેલે ગુજરાત રાજ્ય સબ-જુનિયર બોક્સિંગ સ્પર્ધામાં રજત ચંદ્રક જીત્યો. સાતમા ધોરણમાં ભણતા વંશીલે 70 કિલોગ્રામ વજન વર્ગમાં રજત ચંદ્રક જીત્યો છે. આ ચંદ્રક મેળવીને વંશીલે વડોદરા અને ગુજરાતનું ગૌરવ વધાર્યું છે.

. . . . . . .